# કચ્છ, સૌરાષ્ટ્રમાં ૪ ઓગસ્ટથી વરસાદની સંભાવના

## ૬ ઓગસ્ટથી વરસાદનું સામાન્ય જોર વધશે : જોકે, ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરાઈ નથી

અમદાવાદ, તા.૩

રાજ્યમાં વરસાદી માહોલ પુનઃ સર્જાયો છે. રાજ્યમાં ફરી વરસાદી માહોલની હવામાન વિભાગની આગાહી કરી છે. રાજ્યના વિવિધ વિસ્તારોમાં છૂટો છવાયો હળવાથી મધ્યમ વરસાદ આવી શકે છે. કેટલાક જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. ત્યારે ૪ ઓગસ્ટથી કચ્છ, સૌરાષ્ટ્રમાં વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. ત્યારબાદ ૬ ઓગસ્ટથી વરસાદનું સામાન્ય જોર વધશે. જોકે, ભારેથી અતિ ભારે વરસાદની આગાહી નથી. સમગ્ર ઓગસ્ટ અને સપ્ટેમ્બર દરમિયાન પણ રાજ્યમાં વરસાદ રહેશે. હાલના તબક્કે રાજ્યમાં ૩૬ ટકા વધુ વરસાદ નોંધાયો છે.

જોકે, હવામાન વિભાગની આગાહી વચ્ચે જ રાજ્યના કેટલાક જિલ્લામાં વરસાદી માહોલ જોવા મળ્યો હતો. બપોર બાદ કેટલીક જગ્યાઓ પર વરસાદ શરૂ થઈ ગયો હતો. અરવલ્લી જિલ્લામાં વરસાદની બીજી ઈનિંગ જોવા મળી. મોડાસામાં બપોર બાદ વરસાદ શરૂ થઈ ગયો હતો. એકાએક ધોધમાર વારસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. દિવસ દરમિયાનના અસહ્ય ઉકળાટમાંથી મુક્તિ મળતા લોકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

આ સાથે ભાવનગરમાં લાંબા સમય બાદ ફરી વરસાદી માહોલ જોવા મળ્યો હતો. વાદળ છાયા વાતાવરણ બાદ શહેરના અનેક વિસ્તારોમાં વરસાદ શરૂ થઈ ગયો હતો. કાલિયાબીડ, વિજયરાજનગર, વિદ્યાનગર, કૃષ્ણનગર સહિતના વિસ્તારોમાં ધીમીધારે વરસાદ ખાબક્યો હતો. અતિ ઉકળાટ અને ગરમી વચ્ચે વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. અમરેલી જિલ્લામાં વરસાદનું આગમન થયું. સાવરકુંડલા શહેરમાં ધોધમાર વરસાદી ઝાપટું પડ્યું હતું. વરસાદ આવતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. તો બીજી તરફ રાજકોટ જિલ્લાના ઉપલેટામાં વરસાદ શરૂ થયો હતો. અનેક વિસ્તારોમાં છૂટો છવાયો વરસાદ વરસ્યો હો. ઉપલેટા શહેર તથા તાલુકામાં વરસાદી ઝાપટા પડ્યા હતા.

તાલુકાના ઈસરા, વરજાંગ જાળીયા, ગણોદ, મૂરખડા, મેખાટીંબી સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદી ઝાપટા જોવા મળ્યા હતા. વરસાદી ઝાપડાથી કપાસ, એરંડા, મગફળી, સોયાબીનના પાકોને જીવતદાન મળશે. ઘણા દિવસના વિરામ બાદ ફરી ઝરમર વરસાદ શરૂ થયો હતો. વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરતા બફારાથી આંશિક રાહત મળી હતી. ઘણા દિવસના વિરામ બાદ સુરત જિલ્લામાં ફરી વરસાદનું આગમન થયું છે. અનેક વિસ્તારોમાં છૂટો છવાયો વરસાદ પડ્યો હતો. કડોદરા, પલસાણા તાલુકામાં વરસાદી ઝાપટા જોવા મળ્યા. વરસાદ વરસતા બફારામાંથી આંશિક રાહત મળી હતી. ત્યારે વ્યારા શહેર અને ગ્રામીણ વિસ્તારોમાં લાંબા વિરામ બાદ ફરી વરસાદી માહોલ જામ્યો હતો. વ્યારાના પાનવાડી તેમજ આજુબાજુના વિસ્તારમાં વરસાદ શરૂ થઈ ગયો હતો.

કેટલાક વિસ્તારમાં વરસાદી ઝાપટા તો કેટલાક વિસ્તારોમાં ધીમીધારે વરસાદ ખાબક્યો હતો.

# આ વર્ષે રાખડીના ભાવમાં ૩૦થી ૩૫ ટકાનો થયેલો વધારો

## બજારમાં પુષ્પા રાખડીએ જમાવ્યો રંગ : કોરોના બાદ છૂટથી તહેવાર મનાવવા મળતા બહેનો ભાઈઓને રાખડી બાંધવામાં કચોટ રાખવા માંગતી નથી



અમદાવાદ, તા.૩

ભાઈ અને ભહેનના અતૂટ પ્રેમનો તહેવાર એટલે રક્ષા બંધન. રક્ષા બંધનનો તહેવાર નજીક આવતા બજારમાં રાખડીઓનો મેળો લાગ્યો છે. એમાં પણ નવી વેરાયટીઓ આકર્ષણનું કેન્દ્ર બની છે. પુષ્પા અને દેશના બહાદુર જવાન અભિમન્યુની રાખડીઓ વધુ લોકપ્રિય બની રહી છે. આ સિવાય ચંદન, રુદ્રાક્ષ અને ડાયમંડની રાખડી પણ એટલી જ આકર્ષક છે. જોકે, ગત વર્ષ કરતા આ વર્ષે રાખડીના ભાવમાં ૩૦ થી ૩૫ ટકાનો ભાવ વધારો છે, પરંતુ કોરોનાના બે વર્ષ બાદ છૂટથી તહેવાર મનાવવા મળતા બહેનો તેમના ભાઈઓને રાખડી બાંધવામાં કોઈ કચોટ રાખવા માંગતી ન હોવાથી ખરીદી ઉપર કોઈ અસર વર્તાતી ન હોય તેવું લાગી રહ્યું છે. આ સાથે બજારમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના પોસ્ટર સાથેની રાખડી પોતાનું અલગ આકર્ષણ બનાવી રહી છે.

પ્રધાનમંત્રીએ અત્યાર સુધી શરુ કરેલી વિવિધ મુહિમ જેવી કે માસ્ક પહેરવું, દીકરીઓને ભણાવવી, નશા મુક્તિ વગેરે જેવા સંદેશ પણ લખવામાં આવ્યા છે. માત્ર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જ નહી પણ ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપાઈ અને આનંદી બેન પટેલની રાખડી પણ એટલી જ લોકપ્રિય બની રહી છે.

# વિધાનસભાની ચૂંટણી પૂર્વે કોંગ્રેસમાં ભંગાણના એંધાણ

## પૂર્વ ગૃહમંત્રી નરેશ રાવલ અને પૂર્વ સાંસદ રાજુ પરમાર કોંગ્રેસનો સાથ છોડીને ભાજપનો હાથ પકડી શકે છે

અમદાવાદ, તા.૩

આ વિધાનસભાની ચૂંટણી ગુજરાત કોંગ્રેસ માટે કપરા ચઢાણ બની રહેવાની છે. કારણ કે, એક તરફ ભાજપને ટક્કર, બીજી તરફ આમ આદમી પાર્ટીની એન્ટ્રી અને ત્રીજી તરફ પોતાના જ પક્ષના નેતાઓનો વિશ્વાસ ગુમાવી રહ્યુ છે કોંગ્રેસ. કોંગ્રેસ હાલ એકસાથે અનેક મોરચે લડી રહ્યુ છે, પરંતુ પોતાના નારાજ નેતાઓને અન્ય પક્ષમાં જતુ રોકી શક્તુ નથી. નારાજગીનો આ દોર હવે સતત વધી રહ્યો છે. ત્યારે કોંગ્રેસના વધુ બે નેતા કોંગ્રેસ છોડવાની તૈયારીમાં છે. પૂર્વ ગૃહમંત્રી નરેશ રાવલ અને પૂર્વ સાંસદ રાજુ પરમાર જલ્દી જ કોંગ્રેસનો સાથ છોડીને ભાજપનો હાથ પકડી શકે છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલા કોંગ્રેસમાં ભૂકંપ આવ્યો છે. કોંગ્રેસના સિનિયર નેતા નરેશ રાવલ અને રાજુ પરમાર નારાજ થયા છે. પક્ષથી નારાજ બે દિગ્ગજ નેતાઓ નરેશ રાવલ અને રાજુ પરમાર કોંગ્રેસને અલવિદા કરીને ૧૭ ઓગસ્ટ ભાજપનો ખેસ પહેરશે. બંને નેતા બે દિવસમા કોંગ્રેસમાંથી રાજીનામું આપશે. આ બંને નેતા અહેમદ પટેલ જૂથના છે, જેઓ હાલ પક્ષથી નારાજ ચાલી રહ્યાં છે. ત્યારે ગુજરાત કોંગ્રેસમાં આ ઘટના ભૂકંપ સમાન છે. મહત્વનું છે કે, છેલ્લા કેટલાક સમયથી કોંગ્રેસના નેતાઓ પક્ષપલટો કરી ભાજપમાં જોડાઈ રહ્યા છે. છેલ્લાં ૧૦ વર્ષમાં ૬૦ જેટલા નેતાઓ પક્ષપલટો કરી ભાજપમાં જોડાયા છે. મહત્વનું છે કે, રાજયસભાની ૨૦૧૯માં ચૂંટણી પહેલા મંગળ ગાવીત, અક્ષય પટેલ, જે.વી.કાકડીયા, પ્રદ્યુમનસિંહ જાડેજા, સોમા પટેલ, પ્રવીણ મારું, જીતુ ચૌધરીએ રાજીનામું આપ્યુ હતુ. રાજ્યસભા ચૂંટણી બાદ બ્રિજેશ મેરજાએ કોંગ્રેસમાંથી રાજીનામુ આપ્યું હતુ. સાથે જ ધારાસભ્ય હીરા પટેલ, સાગર રાયકા, જયરાજસિંહ પરમાર, હાર્દિક પટેલે પણ કેસરીયો ધારણ કર્યો છે. કોંગ્રેસના નેતાઓનું ભાજપ તરફી વલણ કોંગ્રેસને ભારે પડી શકે છે. વિશ્વાસ ગુમાવ્યા બાદ અનેક નેતાઓ ભાજપમાં જોડાઈ રહ્યાં છે.

# અદાણીએ પીએનજીના ભાવ તોતિંગ વધારી દીધા

## હવે ૮૯.૬૦ રૂપિયા વધુ ચૂકવવા પડશે : કમરતોડ મોંઘવારી લોકોને રડાવી રહી છે

અમદાવાદ, તા.૩

કમરતોડ મોંઘવારી લોકોને રડાવી રહી છે. ત્યાં દિવસેને દિવસે એક એક વસ્તુઓના ભાવ વધી રહ્યાં છે. ગઈકાલે અદાણીએ CNG ના ભાવમાં વધારો ઝીંક્યો હતો. ત્યારે હવે અદાણીએ PNGના ભાવમાં પણ વધારો કર્યો છે. અદાણી ગેસે PNGમાં પણ ૮૯.૬૦ રૂપિયાનો ભાવવધારો ઝીંક્યો છે. આજથી નવો ભાવ લાગુ પડશે. અદાણી CNG બાદ હવે PNG પણ મોંઘુ થયું છે. હવે તમને અદાણી ગેસના ૮૯.૬૦ રૂપિયા વધારે ચૂકવવા પડશે. અદાણી PNGનો નવો ભાવ ૧.૫૦ MMBTU સુધી ૧૫૧૪.૮૦ રૂપિયા થયો છે. હવેથી ૧.૬૦ MMBTU કરતા વધુ વપરાશ પર ૧૫૪૨.૮૦ રૂપિયા ચૂકવવા પડશે. અગાઉ જુલાઈમાં PNGમાં અદાણીએ વધારો કર્યો હતો, ત્યારે ફરી ઓગસ્ટમાં ભાવવધારો લાગુ કર્યો છે. અગાઉ જુલાઈમાં અદાણીએ PNGમાં ૨૮ રૂપિયાનો ભાવવધારો સ્લેબમાં ઝીંક્યો હતો. જુલાઈમાં અદાણી ગેસ દ્વારા ૧.૬૦ MMBTU સ્લેબમાં પણ ૧૦ પોઈન્ટનો ઘટાડો કરી ૧.૫૦ MMBTU કરી નાંખ્યું હતું. અદાણી CNGનો ભાવ ૮૫.૮૯ રૂપિયા થતા ધીરે ધીરે પેટ્રોલ - ડીઝલના ભાવ તરફ વધી રહ્યો છે આગળ તો હવે PNGમાં ભાવવધારો થતા લોકોની પરેશાનીમાં સતત વધારો થઈ રહ્યો છે.

# રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૦૫૯ કેસ નોંધાયા

## કોરોના સંક્રમણથી ૯૦૯ દર્દીઓ સાજા થયા છે ત્યારે રાજ્યમાં કોરોનાથી આજે એકપણ દર્દીનું મોત થયું નથી

ગાંધીનગર, તા.૩

રાજ્યમાં દરરોજ કોરોના કેસમાં વધઘટ જોવા મળી રહી છે. સાવચેતી નહીં રાખો તો હજુ આ અંકડો વધી પણ શકે છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૧૦૫૯ કેસ નોંધાયા છે. જ્યારે કોરોના સંક્રમણથી ૯૦૯ દર્દીઓ સાજા થયા છે. ત્યારે રાજ્યમાં કોરોનાથી આજે એકપણ દર્દીનું મોત થયું નથી. આ સાથે કોરોનાનો રિકવરી રેટ ઘટીને ૯૮.૬૩ ટકા થઈ ગયો છે.

રાજ્યમાં હાલ કુલ દર્દીઓની વિગતો જોઈએ તો રાજ્યમાં હાલ ૬,૨૫૭ એક્ટિવ કેસ છે. જેમાંથી ૧૩ દર્દી વેન્ટિલેટર પર છે. જ્યારે ૬,૨૪૪ દર્દીઓ સ્ટેબલ છે. રાજ્યમાં કોરોનાને અત્યાર સુધીમાં કુલ ૧૨,૩૯,૪૨૩ દર્દીઓ મ્હાત આપી ચુક્યા છે. જ્યારે રાજ્યમાં કોરોના વાયરસને કારણે કુલ ૧૦,૯૭૧ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે.

# ધ્રાંગધ્રા પાસે તળાવમાં ડૂબતા ૫ બાળકોનાં મોત

સુરેન્દ્રનગર, તા.૩

ધ્રાંગધ્રા પાસે આવેલા એક તળાવમાં પાંચ બાળકો ડૂબ્યા હોવાના અહેવાલ સામે આવ્યા છે. અહીં આવેલા મેથાન-સરવાળ વચ્ચેના તળાવમાં પાંચ બાળકો ડૂબ્યા હતા અને તેઓનાં મોત નીપજ્યા હતા. પાંચ બાળકો તળાવમાં ડૂબ્યા હોવાની વાત વહેતી થતા ગામના લોકો અને આસપાસના લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. બનાવની જાણ પોલીસ અને ફાયર વિભાગને કરવામાં હતી. જે બાદ પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. સુરેન્દ્રનગરના ધ્રાંગધ્રામાં એક ભયંકર દુર્ઘટના સર્જાઈ છે. ધ્રાંગધ્રામાં એક તળાવમાં પાંચ બાળકો ડૂબી જતા તેઓના મોત નીપજ્યા છે. મેથાન-સરવાળ વચ્ચે આવેલા એક તળાવમાં બાળકો ન્હાવા માટે ગયા હતા. જ્યારે બાળકો ન્હાવા માટે તળાવમાં પડ્યા તો કોઈ કારણોસર તેઓ તળાવમાં ગરકાવ થયા હતા. જે બાદ પાંચેય બાળકો તળાવમાં ડૂબ્યા હતા અને તેઓનાં મોત નીપજ્યા હતા. બનાવની જાણ થતાં જ આસપાસના લોકોનાં ટોળે ટોળા તળાવ પાસે ઉમટ્યા હતા.

બીજી તરફ, બનાવની જાણ પોલીસ અને ફાયર વિભાગને કરવામાં આવી હતી. જાણ થતાં જ પોલીસ અને ફાયર વિભાગના જવાનો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. બાદમાં પાંચેય બાળકોનાં મૃતદેહોને બહાર કાઢવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. એક સાથે ગામના પાંચ બાળકોનાં તળાવમાં ડૂબી જવાથી મોત થતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી.

# આગામી ગુજરાત વિધાનસભા ચૂંટણીનો ધમધમાટ શરૂ થયો

## એક જગ્યાએ ૩ વર્ષ પૂરા કરી ચૂકેલા કર્મીઓની બદલી કરાશે : કોઇ અધિકારી સામે શિસ્તભંગના પગલાની ચૂંટણી પંચે સૂચના આપી હોય તેમને પણ ચૂંટણી કામગીરીમાં મૂકી શકાશે નહીં

ગાંધીનગર, તા.૩

આગામી વિધાનસભા ચૂંટણી નો ધમધમાટ શરુ થઇ ચૂક્યો છે. કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઇને ચૂંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલા હોય તેવા ત્રણ વર્ષ કે તેથી વધુ સમયથી એક જ સ્થળે ફરજ બજાવતા હોય તેવા સરકારી કર્મચારી-અધિકારીની બદલીની સૂચના રાજ્ય સરકારને આપવામાં આવી છે. જે કર્મચારી ગુનાહિત કેસ ચાલતો હોય એવા કર્મચારીને ચૂંટણીની કામગીરીથી દૂર રાખવા પંચ દ્વારા આદેશ કરવામાં આવ્યો છે. જે સરકારી કર્મીની બદલી કરાય તેમાં પણ તેમને વતનના જિલ્લામાં ફરજ બજાવતા હોય તેવા કર્મચારીઓની પણ બદલી કરવામાં આવશે. જો અગાઉ કોઈ અધિકારી સામે શિસ્તભંગના પગલા લેવા ચૂંટણી પંચે સૂચના આપી હોય તેમને પણ ચૂંટણી કામગીરીમાં મૂકી શકાશે નહીં. તે સાથે તેમનું વતન હોય તેવા સ્થળે પણ ફરજ સોંપી શકાશે નહીં. પોલીસ તંત્રમાં પણ પીએસઆઈ કે તેનાથી ઉપરની રેન્કના અધિકારીઓને તેમના વતનમાં નિમણૂક નહીં આપી શકાય. ગુજરાત અને હિમાચલ પ્રદેશના મુખ્ય સચિવને ચૂંટણી કામકાજને લઈને પંચ દ્વારા સૂચના પાઠવાઈ છે. ગુજરાત વિધાનસભાની મુદત ૧૮ ફેબ્રુઆરી-૨૦૨૩એ પૂર્ણ થઈ રહી છે. ચૂંટણી મહત્વની હોઇ ગેરરીતિ ન થાય તે માટે ત્રણ વર્ષ કે તેથી વધુ સમયથી ફરજ બજાવતા હોય તેવા ચૂંટણીની પ્રક્રિયા સાથે સંકળાયેલા સરકારી કર્મીઓની બદલી કરવા સૂચના અપાઈ છે. પરંતુ તેમાંથી કોઈની સામે ફરિયાદ ન હોય કે રાજકીય પક્ષ સાથે સંકળાયેલા હોય તો અધિકારી-કર્મચારીઓની બદલી કે નિમણૂકની તેમની ખાતાકીય તપાસ પણ કરાવી શકશે. આ કામગીરી સરકારે ૩૦ સપ્ટેમ્બર સુધી પૂર્ણ કરી દઈને મુખ્ય સચિવે પંચ ને જાણકારી આપવા લેખિત સુચના આપવામા આવી છે.

# ૨૦૦ રૂપિયાને બદલે ૧૦૦ રૂપિયામાં મળશે સિંગતેલ

## ૭૧ લાખ પરિવારોને લાભ : તહેવારોને ધ્યાનમાં રાખીને સરકાર રાજ્યના ૭૧ લાખ રાશન કાર્ડ ધારકોને રાહત આપશે

ગાંધીનગર, તા.૩

ખાદ્ય તેલના વધી રહેલા તોતિંગ ભાવોએ હવે લોકોની કમર તોડી નાંખી છે. ખાદ્ય તેલોમાં એટલો ભાવ વધી રહ્યો છે કે, હવે એક દિવસ તે લકઝુરિયસ ખાણીપીણીમાં ન આવી જાય. ત્યારે ગુજરાત સરકારે ૨૦૦ રૂપિયાનું એક લ લિટર સિંગતેલ હવે માત્ર ૧૦૦ રૂપિયામાં આપશે. સરકારે આ જાહેરાત કરીને ગરીબોને રાહત આપી છે. આ અંગે જાહેરાત કરતા રાજ્ય સરકારના પ્રવક્તા જીતુ વાઘાણીએ જણાવ્યું કે, હવે તહેવારોની મોસમ આવી રહી છે. આવામાં ખાદ્ય તેલોના ભાવ સતત વધી રહ્યાં છે. જે મધ્યમવર્ગીય અને ગરીબ લોકોને પોસાય તેમ નથી. ત્યારે તહેવારોને ધ્યાનમાં રાખીને સરકાર રાજ્યના ૭૧ લાખ રાશન કાર્ડ ધારકોને રાહત આપવા જઈ રહી છે. આજે ગાંધીનગરમાં કેબિનેટ બેઠક યોજાઈ હતી. જેમાં નિર્ણય લેવાયો કે, રાજ્યના ૭૧ લાખ રાશન કાર્ડ ધારકોને ૧૦૦ રૂપિયા લિટરના ભાવે સિંગતેલ આપવામાં આવશે. સરકારે નિર્ણય કર્યો કે, તમામ ૭૧ લાખ કાર્ડ ધારકોને સરકાર વાર્ષિક બે વખત તહેવાર નિમિત્તે ૧ લીટર સીંગતેલ સસ્તા દરે આપે છે ત્યારે આગામી તહેવારો દરમિયાન મોંઘા ભાવનું એટલે કે જે સીંગતેલ ની બજાર કિંમત ૨૦૦ રૂપિયા આસપાસ છે તે સીંગતેલ કાર્ડ ધારકોને માત્ર ૧૦૦ રૂપિયાની કિંમતે અપાશે.

# અમદાવાદ એરપોર્ટ બની ગયું હવે સાયલન્ટ એરપોર્ટ

## હવે નહિ સંભળાય સતત ઉદઘોષણાઓ : મુસાફરો ઘોષણા ચૂકી ન જાય તે માટે ૧૦૦થી વધુ સ્ક્રીનો પર માહિતી પ્રદર્શિત કરાશે

અમદાવાદ, તા.૩




એરપોર્ટ, બસ ડેપો અથવા તો રેલવે સ્ટેશન પર જઈએ ત્યારે સતત જાહેરાતો સાંભળવા મળે છે. સતત એનાઉન્સમેન્ટથી પ્રવાસીઓ કંટાળી જાય છે. ત્યારે હવે અમદાવાદ એરપોર્ટ પર સતત એનાઉન્સમેન્ટ થતું સંભળાશે નહિ અને શાંતિનો અહેસાસ થશે. અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર કોમ્યુનિકેશનના નવા યુગનો પ્રારંભ થયો છે. SVPI એરપોર્ટ શાંત અને સતત ઉદઘોષણાઓથી મુક્ત એવુ સાયલન્ટ એરપોર્ટ બની ગયું છે. મુસાફરોના સુખદ અને બહેતરીન અનુભવ માટે સતત પ્રયાસરત અમદાવાદ એરપોર્ટ ટેક્નોલોજીનો શ્રેષ્ઠ ઉપયોગ કરીને સાયલન્ટ એરપોર્ટ બન્યું છે. જોકે મુસાફરો મહત્વની ઘોષણાઓ ચૂકી ન જાય તેની ખાતરી માટે એરપોર્ટ પર ૧૦૦થી વધુ સ્ક્રીનો પર ફ્લાઈટ્સની માહિતી પ્રદર્શિત થતી રહેશે.

આ સ્ક્રીન્સ ટર્મિનલ્સની બહાર, ચેક-ઈન હોલ અને સિક્યોરિટી હોલ્ડ એરિયામાં મોખરાના સ્થળોએ મૂકવામાં આવી છે. સાયલન્ટ એરપોર્ટ પર મુસાફરોને હળવા શ્રાવ્ય અનુભવનો આનંદ માણી શકે તે માટેની એક પહેલ છે. મુસાફરો કોઈપણ જાતની ખલેલ વિના પ્રતીક્ષા સમયનો ઉપયોગ તેમની મનપસંદ પ્રવૃત્તિઓમાં કરી શકે છે. સાયલન્ટ એરપોર્ટનો અર્થ છે મુસાફરોને પુસ્તક વાંચવા, ટ્રાવેલ પાર્ટનર સાથે વાતચીત કરવા, મનપસંદ સંગીત સાંભળવા કે જરૂરિકામ કરવાની સવલત માટેનો વધુ સમય મળી રહેશે. તાજેતરમાં SVPI એરપોર્ટ પર શહેરના યુવા કલાકારો દ્વારા કરવામાં આવેલા લાઈવ મ્યુઝિક પર્ફોર્મન્સને મુસાફરોએ બિરદાવ્યુ હતું.

### કહેર યથાવત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વધારવાની સૂચનાઓ પણ આપવામાં આવી છે.

દહેગામ તાલુકામાં દહેગામ શહેરમાં ૩, રખિયાલમાં ૩ ઉપરાંત બહિયલ, ચોયલા, કડજોદરા, સાંપા અને ઉદણ ચેખલાપગી ગામેથી કેસો મળી આવ્યા છે.

ગાંધીનગર તાલુકામાં છાલા ગામેથી આજે વધુ ૪ કેસ મળતાં તંત્રે પણ હવે સર્વેલન્સ સઘન કરવા તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ ઝોનની નીતિના અસરકારક અમલીકરણ માટે તાકીદ કરી છે. તાલુકાના સાદરા, ચંદ્રાલા, ચિલોડા અને બી.એસ.એફ. કેમ્પ તેમજ ઉવારસદમાંથી કેસો મળ્યા છે. કલોલ તાલુકામાં કલોલ શહેર, ડિંગુચા, પલોડિયા અને રાંચરડા ગામેથી કેસો મળી આવ્યા છે. માણસા તાલુકામાં આજે ૪ કેસ નોંધાયા છે અને ચારેય કેસ માણસા શહેરમાંથી મળી આવ્યા હોવાથી તંત્ર ચોંક્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે નોંધાયેલા કેસ સાથે ગ્રામ્ય વિસ્તારમાંથી હાલ ૨૪૫થી વધુ એક્ટીવ દર્દીઓ સારવાર હેઠળ છે. જિલ્લામાં ૧૨,૨૨૬ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના નવા ૨૭ કેસ નોંધાયા છે. ગાંધીનગર શહેરમાં આજે નોંધાયેલા કેસમાં ૧૫ મહિલા દર્દી અને ૩ દર્દી ૬૦થી વધુ વયના નોંધાયા છે. આજે નોંધાયેલા દર્દીઓ પૈકી એક દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે સે. ૩૦ માં ૪, આઈઆઈટીમાં અને રાયસણમાં ૩-૩ કેસ તેમજ સે. ૮ અને સે. ૧૩ માં ૨-૨ કેસ નોંધાયા છે. આ ઉપરાંત સે. ૧, ૪, ૫, ૭, ૯, ૨૦, ઈન્ફોસીટી, કોલવડા, પેથાપુર, રાંદેસણ, રાંધેજા અને સરગાસણમાંથી કેસ મળી આવેલ છે. સે. ૧૩માં એક ૪૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૨૬ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં આજે નોંધાયેલા કેસ સાથે એક્ટીવ કેસની સંખ્યા ૧૨૦ થી વધુ છે.

મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક કરવા તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા તાકીદ કરી છે.

### અવરોધરૂપ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બાકડા માર્ગો પર અસ્તિત્વમાં આવતા ગાબડાની માફક જ આમ નાગરિકો માટે મુશ્કેલીનુ કારણ બની રહ્યા છે. શહેરમાં ઉભા આડા માર્ગો આસપાસ સ્થિત ફુટપાથ પર વોકીંગ કરવાની પણ જગ્યા ન મળે તે મુજબ બાકડા ગોઠવી દેવાયા છે. અલબત્ત વોક વે પર નાગરિકો માટે બાકડા આડશ બની ગયા છે. જેના લીધે આ અવરોધરૂપ સ્થિતિ નિવારવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે. ઘ -૨ થી ચ-૨ તરફ જવાના માર્ગ પર પણ સે-૭ ના કોર્નર પાસે વોક વે પર આડેધડ બાકડા ખડકી દેવાયા છે. જેના લીધે વાકે વે પર જતા રાહદારીઓએ પણ માર્ગ વચાળે જઈને નિકળવુ પડે છે. જેના લીધે માર્ગ સલામતી પણ જોખમાય છે. વોક વે પર ચાલવાની જગ્યા પણ મળતી નથી જેથી વોકીંગ કરનારાઓ પણ માર્ગ પર ઉતરી જાય છે. વોક વે પર વોકીંગ કરવાની જગ્યા ન મળે તેવી સ્થિતિ સર્જાઇ છે. શહેરમાં આડેધડ મુકવામાં આવેલા બાકડા દુર કરવા અને વોક વે ને પણ વોકીંગ કરનારાઓ માટે સાનુકુળતા થાય તે મુજબની વ્યવસ્થા ગોઠવાય તેવી પણ સ્થાનિકોએ રજુઆત કરી છે.

### તાઈવાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્વ-સરકાર અને આત્મનિર્ણય પર આધારિત એક સંપન્ન ભાગીદારી છે.

તાઈવાનના રાષ્ટ્રપતિ સાઈ ઈંગ વેને કહ્યું કે અમેરિકી પ્રતિનિધિ સભાના અધ્યક્ષ નેન્સી પેલોસીનું હાર્દિક સ્વાગત કરું છું. ઉપરાષ્ટ્રપતિ અને મને સ્પીકર દ્વારા અમેરિકા-તાઈવાનના સંબંધોને લઈને કોલ આવતા રહે છે. અમારી આ મુલાકાત બદલ ખુશ છું. તેમણે કહ્યું કે અમેરિકી સ્પીકર પેલોસી ખરેખર તાઈવાનના સૌથી સમર્પિત મિત્રોમાંથી એક છે. તાઈવાન માટે અમેરિકી કોંગ્રેસના કટ્ટર સમર્થનને પ્રદર્શિત કરવા માટે તાઈવાનના આ પ્રવાસ બદલ અમે તમારા આભારી છીએ.

રાષ્ટ્રપતિ સાઈ ઈંગ વેને કહ્યું કે તાઈવાન શાંતિ અને સ્થિરતા જાળવી રાખવા માટે પ્રતિબદ્ધ છે અને અમે એક સ્વતંત્ર અને ખુલ્લા ઈન્ડો-પેસેફિક સુનિશ્ચિત કરવા માટે ક્ષેત્રીય સુરક્ષા માટે એક પ્રમુખ સ્થિર શક્તિ બનાવીશું. અમે અમારા દેશનું સાર્વભૌમત્વ મજબૂતીથી જાળવી રાખીશું. આ સાથે જ અમે લોકશાહી મૂલ્યોની રક્ષા માટે દુનિયાભરના તમામ લોકતંત્રોની સાથે સહયોગ અને એકતા સાથે કામ કરવા માંગીએ છીએ.

બીજી બાજુ પેલોસીએ કહ્યું કે તાઈવાનમાં લોકતંત્ર ફળી ફૂલી રહ્યું છે. તાઈવાને દુનિયા આગળ સાબિત કર્યું છે કે પડકારો છતાં જો આશા, સાહસ અને દ્રઢ સંકલ્પ હશે તો તમે સમૃદ્ધ ભવિષ્યનું નિર્માણ કરી શકો છો. તાઈવાન સાથે અમેરિકાની એકજૂથતા મહત્વપૂર્ણ છે. આજે અમે એ સંદેશ લઈને આવ્યા છીએ. તેમણે કહ્યું કે દુનિયા લોકતંત્ર અને નિરંકુશતા વચ્ચે એક વિકલ્પનો સામનો કરી રહી છે.

### પ્લોટ ખરીદવા

● અનુસંધાન પહેલાનું ચાલુ

નિવેદન નોંધવામાં આવ્યું હતું. તેમનું નિવેદન નોંધવા માટે એજન્સી દ્વારા તેમને ફરીથી બોલાવવામાં આવી શકે છે. અહેવાલ અનુસાર, આ વ્યક્તિના પરિસરમાં શોધખોળ કર્યા બાદ ઈડીઅધિકારીઓ પાસે લાવવામાં આવ્યો હતો. તે ફોર્મ અને તેની સહાયક ફોર્મ માટે મોટી રકમના રોકડ વ્યવહારો કરતો હતો અને કંપનીઓના ખાતાઓ પણ જોતો હતો. સાથે જ કેટલાક દસ્તાવેજો એચડીઆઈએલના અન્ય પરિસરમાંથી પણ જપ્ત કરવામાં આવ્યા હતા અને જ્યાં મંગળવારે સર્ચ કરવામાં આવ્યું હતું.